# લેબોરેટરી તથા એક્સ-રે ટેકનીશીયનના તાલીમ અંગેની સુચનાઓ

અરજદારની ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૦૪/૦૭/૧૯ રોજ ઉંમર ૧૮ થી ૨૫ વર્ષની અંદર હોવી જોઇએ. અનામત વર્ગના ઉમેદવારો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર બેઠકો અનામત રાખવામાં આવશે તથા વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

આ તાલીમ કોર્ષ માટેની અરજી વેબ સાઇટ પર મુકવામાં આવેલ નિયત નમુના પ્રમાણે અરજી કરવાની રહેશે. તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અરજીની જમણી બાજુએ ચોંટાડવાનો રહેશે. અધૂરી તેમજ મોડી આવનાર અરજીઓ ઉપર ધ્યાન આપવામાં આવશે નહી.

અરજી પત્રક સાથે એચ.એસ.સી, બી.એસ.સી. ના તમામ વર્ષની તથા તમામ સેમિસ્ટર/વર્ષના માર્કશીટની નકલો, ટ્રાયલ સર્ટિફિકેટ તથા એચ.એસ.સી. અને બી.એસ.સી.ના પાસીંગ પ્રમાણપત્ર, જન્મના પુરાવા માટે સ્કુલ લીવીંગ સર્ટિફીકેટની પ્રમાણીત નકલો બીડવાની રહેશે. અરજીમાં પોતાનું ઇ-મેલ આઇ.ડી. અને ફોન નંબર દર્શાવવા જરૂરી છે. અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સરકારશ્રીએ માન્ય કરેલ સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ તથા સા.શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે અંગેના પ્રમાણપત્રની નકલ તેમજ EWS નો લાભ લેવા ઇચ્છુક ઉમેદવારોએ આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર તેમજ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ચાલુ વર્ષના આવકના પ્રમાણપત્રની નકલ અવશ્ય રજુ કરવાની રહેશે. અધુરા આવેલ અરજી પત્રકો રદબાતલ ગણાશે અને તેમની પાછળથી આવેલ કોઇ પણ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

ઉક્ત તાલીમમાં પ્રવેશ મેળવવા માટે રસ ધરાવતા ઉમેદવારો પાસેથી તા.૨૪/૦૬/૨૦૧૯ થી તા.૦૪/૦૭/૨૦૧૯ ના રોજ સાંજના ૦૫.૦૦ કલાક સુધીમાં આ કચેરીને મળી જાય તે રીતે તમામ પ્રમાણપત્રોની નકલ સહિત અરજીઓ મંગાવવામાં આવે છે. લેબોરેટરી ટેકનીશીયનના તથા એક્સ-રે ટેકનીશીયન કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે રસ ધરાવતા હોય તો તેઓએ અલગ અલગ અરજી કરવાની રહેશે. સરકારશ્રીના વખતો વખતના ઠરાવમાં થયેલ સુધારાવધારા દરેક ઉમેદવારોને બંધનકર્તા રહેશે. લેબોરેટરી ટેકનીશીયન કોર્ષના પ્રવેશ માટેના ઇન્ટરવ્યુ તા.૨૫/૦૭/૨૦૧૯ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે તથા એક્સ-રે ટેકનીશીયન કોર્ષના પ્રવેશ માટેના ઇન્ટરવ્યુ તા.૨૬/૦૭/૨૦૧૯ ના રોજ ૯.૦૦ કલાકે બી.જે.મેડીકલ કોલેજના ઓડીટોરીયમ હોલ ખાતે રાખેલ છે. ઇન્ટરવ્યુ માટે ઉમેદાવારોએ તમામ અસલ પ્રમાણપત્રો સાથે સ્વ ખર્ચે હાજર થવાનું રહેશે.

ઇન્ટરવ્યુના દિવસે બધા જ અસલ પ્રમાણપત્રો લઇને આવવાનું રહેશે તેમજ અસલ પ્રમાણપત્ર નહી લાવનારની ઉમેદવારી આપો આપ રદ ગણાશે.

પસંદગી પામેલ ઉમેદવારે તા. ૦૧/૦૮/૨૦૧૯ થી તા. ૧૦/૦૮/૧૯ સુધી દિન-૧૦માં કોર્ષમાં જોડાવાનું રહેશે. સમયમર્યાદા પછી આ જગ્યા પર તેઓનો કોઇપણ હક્ક દાવો રહેશે નહી. જો ઉમેદવાર નિયત સમયમર્યાદામાં નહી જોડાય તો તેઓની જગ્યા તેમના પછી મેરીટમાં આવતા લાયક ઉમેદવારોને ફાળવવામાં આવશે.

ખાતાકીય ઉમેદવારો માટે ૬૨(એમ.એલ.ટી), ૩૧(એક્સ-રે) બેઠકો હોય આ બેઠકો પર ખાતાકીય ઉમેદવારો નહી મળેતો આ જગ્યાઓ ભરવાની સરકારશ્રી દ્વારા મંજુરી મળ્યેથી આ બેઠકો સીધી ભરતીના ઉમેદવારોથી ભરવામાં આવશે.

વધુમાં સરકારશ્રી દ્વારા બેઠકોમાં વધારો/ઘટાડો થશે તે મુજબ જગ્યાઓ ભરવામાં આવશે તે દરેક ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

18/06/2019

I/c ડીન

બી.જે.મેડીકલ કોલેજ

અમદાવાદ

## જાહેરાત

બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે વર્ષ ૨૦૧૯-૨૦માં શરૂ થનાર ૩૨મા લેબૉરેટરી ટેકનીશીયન/એક્સ-રે ટેકનીશીયનના કોર્ષ માટે એક વર્ષના તાલીમ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે નીચે દર્શાવ્યા પ્રમાણેની શૈક્ષણીક લાયકાત તથા યોગ્યતા ધરાવતા ઉમેદવારો પાસેથી તા.૨૪/૦૬/૨૦૧૯ થી તા.૦૪/૦૭/૨૦૧૯ સુધીમાં આ કચેરીને મળી જાય તે રીતે અરજીઓ મંગાવવામાં આવે છે. ઉમેદવારોએ મુલાકાત માટે પસંદગી સમિતિ સમક્ષ સ્વખર્ચે આવવાનું રહેશે. વ્યક્તિગત કોલ લેટર પાઠવવામાં આવશે નહી.

પ્રવેશ માટેના ઇન્ટરવ્યુ લેબૉરેટરી ટેકનીશીયન તા.૨૫/૦૭/૨૦૧૯ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે તથા એક્સ-રે ટેકનીશીયન માટે તા.૨૬/૦૭/૨૦૧૯ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે બી.જે.મેડીકલ કોલેજના ઑડીટોરીયમ હોલ ખાતે રાખવામાં આવેલ છે.

| કોર્ષનું નામ | શૈક્ષણીક લાયકાત | તાલીમાર્થીઓ ની સંખ્યા |
|---|---|---|
| (અ) લેબૉરેટરી ટેકનીશીયન | બી.એસ.સી. માઇક્રોબાયોલોજી/બાયોકેમેસ્ટ્રી /કેમેસ્ટ્રી/બાયોટેકનોલોજી પ્રથમ પસંદગી) | ૬૨ |
| (બ) એક્સ-રે ટેકનીશીયન | બી.એસ.સી. (ફીઝીક્સ વિષયને પ્રથમ પસંદગી) | ૩૧ |

અરજદારની ઉંમર તા.૦૪/૦૭/૨૦૧૯ તારીખના રોજ ૧૮ થી ૨૫ વર્ષની અંદર હોવી જોઇએ. અનામત વર્ગના ઉમેદવારો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર બેઠકો અનામત રાખવમાં આવશે તથા વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

આ તાલીમ કોર્ષ માટેની અરજી વેબસાઇટ પર મુકવામાં આવેલ નિયત નમુના મુજબ કરવાની રહેશે. સાથે તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અરજીની જમણી બાજુએ ચોટાડવાનો રહેશે. તા. ૦૪/૦૭/૧૯ના રોજ સાંજના ૫.૦૦ કલાક બાદ આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી તેમજ અધુરી વિગતોવાળી અરજીઓ રદબાતલ ગણાશે.

અરજી પત્રક સાથે એચ.એસ.સી.ના તમામ પ્રયત્નોની માર્કશીટ (આગળ પાછળની ઝેરોક્ષ), ટ્રાયલ સર્ટિફિકેટ, બી.એસ.સી.ના ફર્સ્ટ થી ફાઇનલના તમામ વર્ષની/સેમીસ્ટરની તમામ પ્રયત્નોની માર્કશીટ(આગળ પાછળની ઝેરોક્ષ), ટ્રાયલ સર્ટિફિકેટ, બી.એસ.સી.નું પાસીંગ પ્રમાણપત્ર તેમજ જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ જોડવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સરકારશ્રી દ્વારા માન્ય કરેલ સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ તથા સા.શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર તેમજ EWS નો લાભ લેવા ઇચ્છુક ઉમેદવારોએ આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર તેમજ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ચાલુ વર્ષના આવકના પ્રમાણપત્રની નકલ અવશ્ય જોડવાની રહેશે. ઇન્ટરવ્યુ ના દિવસે ઉમેદવારોએ તમામ અસલ પ્રમાણપત્રો સાથે રૂબરૂમાં હાજર રહેવું.

સરકારશ્રી દ્વારા આ સીટોમાં વધઘટ થાય તે મુજબ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે..

સરકારશ્રીના વખતો વખતના ઠરાવમાં થયેલા સુધારા વધારા દરેક ઉમેદવારોને બંધન કર્તા રહેશે.

www.bjmc.org આ વેબસાઇટ પરથી જરૂરી માહિતી તથા અરજીનો નમુનો મેળવી લેવાનો રહેશે.

-સહી-
ડીન
બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ